# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓકલેન્ડમાં ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી

2) ભારત અને ન્યુઝીલેન્ડે સંરક્ષણ, પશુપાલન અને ડેરી, પર્યટન, રમતગમત અને આપત્તિ વ્યવસ્થાપન એમ પાંચ મુખ્ય સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા

3) ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સરકાર દેશની દરિયાકાંઠાની સુરક્ષાને મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ

4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સ્વદેશી સ્ટીલ્થ ફ્રિગેટ INS મહેન્દ્રગિરીને આજે પૂર્વીય નૌકાદળના કાફલામાં સામેલ કરશે

5) મહિલા ક્રિકેટ ટેસ્ટના આજે બીજા દિવસે ઈંગ્લેન્ડ પ્રથમ દાવમાં એક વિકેટે 21 રનના સ્કોરથી આગળ રમશે – ભારતે પ્રથમ દાવમાં 285 રન બનાવ્યા

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# FUR REV PM MODI-NZ VISIT

ભારત અને ન્યુઝીલેન્ડે આજે સંરક્ષણ, પશુપાલન અને ડેરી, પર્યટન, રમતગમત અને આપત્તિ વ્યવસ્થાપનને આવરી લેતા પાંચ મુખ્ય સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓકલેન્ડમાં ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. આ બેઠક દરમિયાન વેપાર, વાણિજ્ય, સંરક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી.

વાટાઘાટો પહેલા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે

## (બાઇટ - PM--NZ-RELATION)

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે સહિયારા લોકશાહી મૂલ્યો અને દરિયાઈ હિતોના આધારે, બંને દેશો ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને પ્રધાનમંત્રી મોદીની મુલાકાતને ઐતિહાસિક ગણાવી હતી અને કહ્યું હતું કે તે બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. અગાઉ પ્રધાનમંત્રી મોદીનું ગવર્નમેન્ટ હાઉસ ખાતે ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી આજે ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે અને ઉદ્યોગ અને રમતગમતની દુનિયાના અગ્રણી વ્યક્તિઓને મળશે.

ઓસ્ટ્રેલિયા અને ઇન્ડોનેશિયાની સફળ મુલાકાત બાદ પ્રધાનમંત્રી મોદી ગઈકાલે તેમના ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં ન્યુઝીલેન્ડ પહોંચ્યા હતા. ચાર દાયકામાં ભારતીય પ્રધાનમંત્રીની ન્યુઝીલેન્ડની આ પહેલી મુલાકાત છે

# HM-PORT SECURITY

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સરકાર દેશની દરિયાકાંઠાની સુરક્ષાને મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. શ્રી શાહે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ સાથે બંદર સુરક્ષા બ્યુરોની સ્થાપનામાં થયેલી પ્રગતિની સમીક્ષા કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે બંદર સુરક્ષા ફક્ત લાઇસન્સ પ્રાપ્ત ખાનગી સુરક્ષા એજન્સીઓને સોંપવી જોઈએ અને ફક્ત કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ દ્વારા તાલીમ પામેલા કર્મચારીઓને જ તૈનાત કરવા જોઈએ. તેમણે નિર્દેશ આપ્યો હતો કે બંદર સુરક્ષા તાલીમ સંસ્થામાં તાલીમ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવે. તેમણે અધિકારીઓને બ્યુરો હેઠળ તૈનાત થનારા તમામ સુરક્ષા કર્મચારીઓનો વ્યાપક ડેટાબેઝ બનાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

શ્રી શાહે મત્સ્ય વિભાગના અધિકારીઓ સાથે માછીમારી બંદરો અને માછીમારી ઉતરાણ કેન્દ્રો માટેની સુરક્ષા વ્યવસ્થાની પણ સમીક્ષા કરી. તેમણે વિભાગને દેશભરના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકો પાસેથી તેમના સંબંધિત જિલ્લાઓમાં તમામ માછીમારી કેન્દ્રોની વિગતો માંગવાનો પણ નિર્દેશ આપ્યો. ગૃહમંત્રીએ ગૃહમંત્રીને માછીમારો માટે નોંધણી પ્રક્રિયા સરળ બનાવવાનો પણ નિર્દેશ આપ્યો અને જિલ્લા પોલીસ અધિક્ષકોને માછીમારી કેન્દ્રો પર કાયમી પોલીસ કર્મચારીઓ તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો.

આ બેઠકમાં કેન્દ્રીય વહીવટી અને સુરક્ષા દળોના ઉચ્ચ અધિકારીઓ સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા

# VP-BIHAR VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે બિહારની એક દિવસની મુલાકાતે ગયાજી જશે. મુલાકાત દરમિયાન તેઓ બિહાર જાહેર વહીવટ અને ગ્રામીણ વિકાસ સંસ્થા ખાતે બિહાર વિધાનસભાના સભ્યો માટેના તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરશે.

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ આજે સાંજે અમદાવાદ પહોંચશે. આવતીકાલે તેઓ અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ અભિયાનના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી જાહેરસભાને સંબોધશે.

શ્રી શાહ થલતેજ, સરખેજ અને સ્ટેડિયમ વૉર્ડમાં વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત શ્રી શાહ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.

તો, સોમવારે 13 તારીખે શ્રી શાહ ગાંધીનગરમાં NFSU પરિસરમાં 11-મી ઇન્ટરપોલ ડિજિટલ ફૉરેન્સિક એક્સપર્ટ ગૃપ – DFEGની બેઠક અને પ્રથમ આંતર-રાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા તથા શિખર સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરે તેઓ દહેગામમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC દ્વારા નવનિર્મિત શાકભાજી બજારના લોકાર્પણ અને અમૃત મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. છેવટે અમદાવાદના શાહીબાગ અતિથિગૃહ ખાતે શ્રી શાહ વિવિધ બેઠક પણ યોજશે.

# BRICS MEETING-NAGPUR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે નાગપુરમાં બ્રિક્સ પરિવહન મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બે દિવસીય બેઠક ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ વિષય - "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" હેઠળ આયોજિત કરવામાં આવી રહી છે. આ બેઠક બ્રિક્સ પરિવહન કાર્યકારી જૂથની બેઠકના સમાપન બાદ યોજાઈ છે, જ્યાં સભ્ય દેશોના પ્રતિનિધિઓએ એક સામાન્ય પરિવહન કાર્યસૂચિ પર ચર્ચા કરી હતી. રશિયા અને બ્રાઝિલ દ્વારા આયોજિત અગાઉની બેઠકો બાદ આ બેઠકનો હેતુ પરિવહન ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગને વધુ મજબૂત બનાવવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJNATH-MAHENDRAGIRI INDUCTION

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ભારતીય નૌકાદળના સ્વદેશી સ્ટીલ્થ ફ્રિગેટ INS મહેન્દ્રગિરી આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં પૂર્વીય નૌકાદળના કાફલામાં સામેલ થશે.. આ ભારતની સંરક્ષણ સ્વનિર્ભરતા તરફ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવે છે.

સમારોહ પહેલા નૌકાદળના કર્મચારીઓને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું

(બાઇટ – રાજનાથ સિંહ)

શ્રી સિંહે જણાવ્યું હતું કે INS મહેન્દ્રગિરી ભારતની સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓનું પ્રતીક છે. 75 ટકાથી વધુ સ્વદેશી સામગ્રીથી બનેલ આ આધુનિક યુદ્ધ જહાજ અત્યાધુનિક સ્ટીલ્થ ટેકનોલોજીથી સજ્જ છે અને તમામ પ્રકારના દરિયાઈ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સક્ષમ છે.

# US-IRAN TALKS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તાજેતરના તણાવમાં વધારો થયો હોવા છતાં, અમેરિકા અને ઈરાન વાટાઘાટો ચાલુ રાખવા સંમત થયા છે, પરંતુ ગયા મહિને થયેલ યુદ્ધવિરામ સમાપ્ત કરાયો છે

રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે ઈરાને વાટાઘાટો ચાલુ રાખવા વિનંતી કરી છે અને અમેરિકા આ માટે સંમત થયું છે.

અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પર હુમલા બંધ કરવા માટે ઈરાન પાસે માંગ તીવ્ર બનાવી છે. આ હુમલાઓને કારણે તણાવ વધવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. આ સંઘર્ષ દરમિયાન, કતાર અને સાઉદી અરેબિયાના ત્રણ કોમર્શિયલ ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં અમેરિકાએ ઈરાની ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. જવાબમાં, ઈરાને ખાડી દેશોમાં અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. દરમિયાન, ગઈકાલે આ પ્રદેશમાં કોઈ નવા હુમલાના અહેવાલ નથી.

# COAL AUCTION

કોલસા મંત્રાલયે વાણિજ્યિક કોલસા બ્લોકની હરાજીના 15મા રાઉન્ડ અને 13મા અને 14મા રાઉન્ડ માટે બીજા પ્રયાસ માટે મળેલી બિડ ખોલી દીધી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર 23 કોલસા બ્લોકમાંથી 8 માટે કુલ 21 બિડ પ્રાપ્ત થઈ હતી.

મંત્રાલયે માહિતી આપી હતી કે હરાજી પ્રક્રિયામાં 16 કંપનીઓએ ભાગ લીધો હતો, જે વાણિજ્યિક કોલસા ખાણકામમાં ઉદ્યોગોની મજબૂત ભાગીદારી દર્શાવે છે.

# WOMEN'S CRICKET TEST

લંડનના લોર્ડ્સ ખાતે રમાઈ રહેલી પ્રથમ મહિલા ક્રિકેટ ટેસ્ટના બીજા દિવસે, ઈંગ્લેન્ડ ગઈકાલના પ્રથમ દાવમાં એક વિકેટે 21 રનના સ્કોરથી આગળ રમશે. ગઈકાલની રમતના અંતે,માયા બાઉચિયર 17 અને હીથર નાઈટ એક રન સાથે રમતમાં છે.

આ પહેલા ભારતે પ્રથમ દાવમાં 285 રન બનાવ્યા હતા. સ્મૃતિ મંધાનાએ 83 રન, કેપ્ટન હરમનપ્રીત કૌર અને દીપ્તિ શર્માએ અડધી સદી ફટકારી હતી. ઈંગ્લેન્ડ તરફથી સોફી એક્લેસ્ટોને ત્રણ મેડી વિલિયર્સ, ઇસી વોંગ અને લોરેન ફાયલરે 2-2 વિકેટ લીધી હતી.

# MORN FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં સ્પેને બેલ્જિયમને 2-1થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. લોસ એન્જલસના ઇંગલવુડમાં રમાયેલી બીજી ક્વાર્ટર ફાઇનલમાં બંને ટીમો પહેલા હાફ સુધી 1-1થી બરાબરી પર હતી. મિકેલ મેરિનોએ 88મી મિનિટે સ્પેન માટે વિજયી ગોલ કર્યો. અગાઉ ફ્રાન્સે પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કોને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

આજે ત્રીજી ક્વાર્ટર ફાઇનલમાં નોર્વેનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે અને ચોથી ક્વાર્ટર ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિના આવતીકાલે સ્વિટ્ઝર્લેન્ડ સામે ટકરાશે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન બિહાર, ઉત્તરપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉપ-હિમાલયથી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, અરુણાચલ પ્રદેશ, ગંગા પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદની આગાહી કરી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, ઓડિPશા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના કેટલાક ભાગોમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  નિકિતા શાહ

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોનો મુખ્ય માથાળમાં સમાવેશ કરાયો છે
- સંદેશનું મુખ્ય મથાળું છે.. ઇઝરાયેલનો દાવો-ટ્રમ્પની હત્યાનું ઈરાન નું કાવતરું
- ગુજરાત સમાચારની હેડલાઇન છે.. દેશમાં 10 વર્ષમાં 94,000 સરકારી સ્કૂલોને તાળાં
- નવ ગુજરાત સમય લખે છે.. પર્વતીય રાજ્યોમાં ભૂસ્ખલન, પૂર્વોતરમાં પૂર, 5 મોત...
- આ ઉપરાંત ઈરાન સાથે યુદ્ધ વિરામ ખતમ વાટાઘાટો ચાલુ , રામ મંદિરમાં પહેલીવાર સીઇઓ પોસ્ટ વહીવટી-નાણાકીય જવાબદારી સંભાળશે, અમરનાથ શિવલિંગ સંપૂર્ણ ઓગળી ગયું ,એક દેશ એક ચુંટણી 2029 થી લાગુ થઈ શકે છે..  જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે
- સ્થાનિક સમાચારોમાં... અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે ભાવનગર સુધી લંબાવશે..  ટી આર પી કાંડમાં 5 અધિકારીઓ ઘરભેગા... ડીસા ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટમાં નિરીક્ષણ પ્રક્રિયામાં જ છીંડા.. જેવા સમાચારો ને સ્થાન અપાયું છે